રસપ્રદ બને છે.વિદ્યાર્થીઓ દ્વારા જાણવા મળ્યું કે શિક્ષણની પરંપરાગત રીત,સમજાવવાની નિરાશાજનક રીત અને અભ્યાસક્રમનું ભારણ અને કેટલાક વિદ્યાર્થીઓએ જણાવ્યું કે જો થીયરી જીવન્ત ઉદાહરણો, પ્રેકટિકલ ડેમો, વિડિયો અને પ્રોજેકટ આધારિત શીખવણી સાથે જોડવામાં આવે તો તે વધુ રસપ્રદ બને.

❖ **તારણો :**

૧. મોટાભાગના વિદ્યાર્થીઓ કમ્પ્યૂટર પ્રેકટિકલમાં વધારે રસ ધરાવે છે. કારણકે તેમાં જીવંત અનુભવ, તાત્કાલિક પરિણામ અને શીખવાની મજા આવે છે.

૨. થિયરી વિદ્યાર્થીઓને નિરસ અને કંટાળાજનક લાગે છે કારણકે તેમાં વ્યાખ્યાઓ,નિયમો વધુ હોય છે.

૩. પરિણામો પણ મોટાભાગના વિદ્યાર્થીઓ પ્રેકટિકલમાં સારા ગુણ મેળવે છે, જયારે થિયરીમાં તેમના ઓછા ગુણ હોય છે.

૪. થિયરીનું મહત્વ વિદ્યાર્થીઓ સ્વીકારે છે પરંતુ તેને સમજવા માટે રસપ્રદ છે પરંતુ તેને સમજવા માટે રસપ્રદ પધ્ધતિઓ અપનાવવાની જરૂર છે.

૫. શિક્ષકો જો ઉદાહરણો, ચિત્રો ને પ્રેકિટકલ સાથે જોડી થીયરી સમજાવે તો વિદ્યાર્થીઓની સમજણ અને રસ બંને વધે છે.

૬. પ્રેકિટકલ અને થીયરી બંને એકબીજાના પૂરક છે એટલે વિદ્યાર્થીએ બંનેમાં સંતુલન રાખવું જરૂરી છે.

૭. વિદ્યાર્થીઓ પ્રેકટિકલના તાસની આતુરતાથી રાહ જોતા હોય છે અને ઉત્સાહથી પ્રેકટિકલ કરતા હોય છે અને તેમના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પૂછતા હોય છે.

❖ **અવલોકનો :** આ સંશોધનથી જાણવા મળે છે કે,

૧. **પ્રેકટિકલ સમયે વર્તન :** કમ્પ્યૂટર લેબમાં કામ કરતી વખતે વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.તેઓ ધ્યાનપૂર્વક શિક્ષકનું માર્ગદર્શન અનુસરે છે. અને વસ્તુ ઝડપથી અજમાવે છે. પ્રેકિટકલમાં મિત્રોને મદદ કરવી અને શીખવવું પણ ગમે છે.

૨. **થીયરી અને વર્તન :** વર્ગખંડમાં થીયરી ભણાવતી વખતે ઘણા વિદ્યાર્થીઓ ઓછું ધ્યાન આપે છે.કેટલાક વિદ્યાર્થીઓ વાતો કરે છે અને પુસ્તકમાં કાર્ટુન પ્રકારના ચિત્રો દોરે છે.

❖ **ભાવિ સંશોધનો માટે સૂચના :**

**૧. તુલનાત્મક અભ્યાસ :** વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ, ગ્રામ્ય-શહેરી, સરકારી – ખાનગી શાળા જેવા જુદા જુદા જૂથો વચ્ચે થીયરી અને પ્રેકટિકલ રસની તુલના કરવી જોઇએ.

**૨. શિક્ષણ પધ્ધતિનો અભ્યાસ :** વિદ્યાર્થીઓને થીયરી PPT દ્વારા સમજાવી. વિષયને લગતા ચિત્રો,નાટકો, રીવીઝન, કવીઝ દ્વારા સમજાવી શકાય.

**૩. શિક્ષકોના દૃષ્ટિકોણનો અભ્યાસ :** વિદ્યાર્થીઓની જેમ શિક્ષકોના અનુભવ અને સૂચનો પણ ભવિષ્યમાં સંશોધનમાં સામેલ કરવા.

**૪. નવા ઉપાયો અજમાવવા :** થીયરીને વધુ રસપ્રદ બનાવવા માટે નવી પધ્ધતિઓ, પ્રોજેકટ વર્ક, ગ્રુપ ડિસ્કશન અજમાવી તેમની અસરનું સંશોધન કરવું.

---



# વિષય : ધો. ૧૦ નાં વિદ્યાર્થીઓ નકશામાં સ્થળો દર્શાવવામાં મુશ્કેલી અનુભવે છે.

**મયુરીબેન એચ. પરમાર**
(મ. શિ. મા.વિભાગ)

**પ્રસ્તાવના :**

પોતાના કાર્યના વણઉકેલ્યા પ્રશ્નોના ઉકેલ મેળવવા માટે અને પોતાના કાર્યને સુધારવા વ્યકિત કે જુથ પોતાના કાર્યનો પધ્ધતિસરનો અભ્યાસ કરે તેને ક્રિયાત્મક સંશોધન કહી શકાય. સૌ પ્રથમ આનો ખ્યાલ ઈ.સ. ૧૯૫૭ માં સ્ટીફન કોરેએ આપ્યો.આનો એક અર્થ એવો થયો કે સંશોધન એ કોઈ વિશિષ્ટ વ્યકિતનો જ ઈજારો નથી. શિક્ષક પણ સંશોધન કરી શકે અને કરવુ જોઈએ. ઉપનિષદમાં શિક્ષકને સર્જક અને શોધક કહયો છે. આ દ્રષ્ટિએ વિચારતા શિક્ષણકાર્ય કરતા કરતા ઉદ્‌ભવની સમસ્યાઓને શિક્ષક સંશોધન બનીને ઉકેલવાનો અને એ રીતે પોતાનાં શિક્ષણકાર્યને વધુ પરિષ્કૃત કાર્યક્ષમ અને સંગીન બનાવવાનો પોતાનો વ્યવસાયી ધર્મ બજાવે છે.આમ ક્રિયાત્મક સંશોધન એ શિક્ષક દ્વારા અને શિક્ષકને નડતી સમસ્યાઓના નિકાલ માટે જરૂરી છે.